# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-09-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલો કરશો.

------------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CELEBRATION OF RAJBHASHA DIWAS

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આવતીકાલથી બે દિવસ પાંચમું અખિલ ભારતીય રાજભાષા સંમેલન યોજાશે. કેન્દ્ર ગૃહ મંત્રી અમિત શાહ આ સંમેલનને ખુલ્લું મુકશે.આ સંમેલન અંગે પત્રકારોને સંબોધતા ગૃહ મંત્રાલયના રાજભાષા વિભાગના સચિવ અંશુલી આર્યાએ, જણાવ્યું કે આ બે દિવસથી સંમેલનમનો ઉદ્દેશ હિન્દી અને અન્ય ભારતીય ભાષાઓ વચ્ચે સમરસતા અને સમન્વય વધારવાનો છે. આ બે દિવસના સંમેલન દરમિયાન વિવિધ સત્ર યોજાશે, અને કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોના 6,000 થી વધુ અધિકારીઓ ભાગ લેશે.

તેમણે કહ્યું કે આ વર્ષના સંમેલન દરમિયાન ભારતીય નામના બહુભાષીય અનુવાદ ટૂલનો પણ શુભારંભ થશે અને કેટલીક નવી પહેલો પણ શરૂ કરાશે.

(બાઈટ : અંશુલી આર્યા, ગૃહ મંત્રાલયના રાજભાષા વિભાગના સચિવ)

. . . . . . . . . . .

# NIMU BEN JAMMU VISIT

કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બે દિવસના  જમ્મુ પ્રવાસમાં પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહત, પુનર્વસન અને ખાદ્ય પુરવઠા વ્યવસ્થાની સમીક્ષા કરશે.

મુલાકાતના પહેલા દિવસે, નિમુબેન બાંભણિયાએ સાંબા જિલ્લાના સાંબ બ્લોકની મુલાકાત લીધી અને પૂર અને ભૂસ્ખલનથી નુકસાન પામેલા રસ્તાઓ, ઘરો અને અન્ય વિસ્તારોનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું. આ દરમિયાન, તેમણે અસરગ્રસ્ત નાગરિકો સાથે વાતચીત કરી અને તેમની સમસ્યાઓ અને જરૂરિયાતો સાંભળી અને તેમને તમામ સહાયની ખાત્રી આપી હતી..

. . . . . . . . . . .

# FOOD AND DRUGS SEIZED

રાજ્યમાં વિવિધ સ્થળોએ દરોડા પાડી શુદ્ધ ઘીમાં ભેળસેળ કરી બનાવટી ઘી બનાવવાનો કાચો માલ સહિત કુલ એક કરોડ કરતાં વધુનો માલ જપ્ત કરાયો હોવાનું  ખોરાક અને ઔષધ નિયમન કમિશનર ડૉ. એચ. જી. કોશિયાએ જણાવ્યું હતું.. તંત્રને ભેળસેળયુક્ત ઘીની તપાસ કરતા તેનો છેડો ગાંધીધામ, કચ્છ ખાતેથી મળ્યો હતો. જેમાં  શુદ્ધ ઘીમાં ભેળસેળ કરી બનાવટી ઘી બનાવવાનો કાચો માલ સહિત કુલ રૂા. ૧.૪ કરોડનો માલ જપ્ત કરાયો છે તેમ ખોરાક અને ઔષધ નિયમન કમિશનર ડૉ. એચ. જી. કોશિયાએ જણાવ્યું હતું. ડૉ.કોશિયાએ વધુમાં કહ્યું હતું કે, ગાંધીધામ અને ધ્રોલ ખાતેથી ચાર-ચાર  મળી  કૂલ આઠ નમુના ચકાસણીમાં અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.  બાકીનો આશરે ૬૯ ટનથી વધુનો જથ્થો જનતાના આરોગ્યની સલામતી માટે જપ્ત કરી ઘી માં ભેળસેળ થતી અટકાવવામાં આવી છે.

. . . . . . . . . . .

# DWARKA TRIMOR

દેવભૂમિ દ્વારકા જીલ્લાના ભાણવડ પંથકમાં છેલ્લા ચાર દિવસથી મહેસુસ થઈ રહેલા ભૂકંપના આંચકા બાબતે જિલ્લા કલેકટર રાજેશ તન્નાએ જણાવ્યું હતું કે ભાણવડ પંથકની અંદાજે 15 કી.મી. ની ત્રિજ્યામાં ભૂકંપના હળવા આંચકા છેલ્લા ચાર દિવસથી મહેસુસ થઈ રહ્યા છે. જિલ્લા કલેકટરે જણાવ્યું કે લોકોએ આ બાબતે પેનિક થવાની કોઈ જરૂરત નથી. ચોમાસાની ઋતુ દરમિયાન છેલ્લા 10 વર્ષથી અવાર નવાર સામાન્ય ભૂકંપના આંચકા મહેસુસ થાય છે. જો ભૂકંપનો આંચકો તીવ્ર હોય અને વધુ સમય સુધી ચાલે તો લોકોએ ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા જાહેર કરવામાં આવેલી ગાઈડ પાલન કરવું જોઇએ..

(બાઇટ રાજેશ તન્ના, જિલ્લા કલેકટર, દેવભૂમિ દ્વારકા)

-----------

# TRAIN

ડબલિંગ કાર્યને કારણે કાનાલુસ–પોરબંદર અને પોરબંદર–કાનાલુસ લોકલ ટ્રેનો 15 ઓક્ટોબર સુધી આંશિક રીતે રદ રહેશે...રાજકોટ મંડળના લાખાબાવળ–પીપળી–કાનાલુસ સેક્શનમાં ચાલી રહેલા ડબલિંગ કાર્યને કારણે 15 ઓક્ટોબર, 2025 સુધી કાનાલુસ–પોરબંદર અને પોરબંદર–કાનાલુસ

લોકલ ટ્રેનોનું સંચાલન આંશિક રીતે પ્રભાવિત રહેશે. પોરબંદર–કાનાલુસ લોકલ ટ્રેન હવે 15 ઓક્ટોબર સુધી પોરબંદરથી પ્રસ્થાન કરીને ગોપજામ સ્ટેશન સુધી જ ચાલશે તેમજ ગોપજામ–કાનાલુસ સેક્શન વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

. . . . . . . . . . .

# RAIN OVERALL + DAM

રાજ્યમાં આજ સવારના 06 કલાક સુધીમાં એકંદર 950.86 મિલિમિટર વરસાદ પડેલ છે. જે સરેરાશ વરસાદની સામે 107.83 % જેટલો થાય છે.

રાજયમાં સિઝનનો અત્યારસુધીનો 107 ટકા સરેરાશ વરસાદ વરસ્યો છે.

રાજ્યમા છેલ્લા 24 કલ્લાકમાં 07 જિલ્લાના 10 તાલકુામા વરસાદ પડયો છે. છેલ્લા 24 કલાકમાં રાજ્યનો સરેરાશ વરસાદ 0.54 મીમી છે. છેલ્લા 24 કલાકમાં અમરેલીના રાજુલમાં 1.54 ઇંચ, વલસાડમાં 1.50 ઇંચ, નવસારીના ખેરગામમમાં 1 ઇંચ વરસાદ વરસ્યો છે.

સરદાર સરોવર નર્મદા ડેમનો હાલનો સંગ્રહ 92.15 % જેટલો છે. રાજયના અન્ય ૨૦૬ જળાશયોમા 89.73 % જેટલો જળસંગ્રહ છે. 140 ડેમ હાઈ અલર્ટ પર છે જ્યારે 18 ડેમ અલર્ટ પર છે અને 13 ડેમ ચેતવણી પર છે.

. . . . . . . . . . .